


મીના બજારમાં કર્મચારીઓ-અધિકારીઓની અવરજવર તો રહે જ છે. પરંતુ સ્થાનિક વસાહતીઓ પણ અહીં ખરીદી કરવા મોટા પ્રમાણમાં આવે છે. શાકભાજીથી લઈને કરીયાણું અહીં વ્યાજબી ભાવે મળી રહેતું હોવાથી નાગરિકોની અવરજવર વધુ રહે છે. પરંતુ વાહનો લઈને આવતા વસાહતીઓ મીનાબજારમાં ગેટની પાસે આડેધડ પાર્કીંગ કરે છે. જે નડતરરૂપ બની રહ્યા છે. જ્યારે બીજી તસવીરમાં ઠંડા પવનોએ કહેર મચાવ્યો છે. છેલ્લા બે દિવસમાં ઠંડીનું જોર એટલું વધ્યું છે કે દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. ઠંડી વધતા મીના બજારમાં ચાની લારીઓ પર ભીડ વધી રહી છે. ચાની લારીઓ પર ઘરાકી વધી રહી છે. કર્મચારીઓ-અધિકારીઓ ચાની ચુસ્કી લઈ ઠંડી ઉડાડવા પ્રયત્નો કરી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, અહીયા હવે કાંઈ બળે એવું નથી... માલ નથી ધંધો નથી ખાલી જીવ બળે છે...!!

# શહેરના નવા સેકટરોમાં માર્ગ સુધારણાનુ બાકી કામ હવે પુર્ણ થશે

## કોરોનાકાળમાં ચોમાસાના દિવસોમાં પણ કામ થઇ શક્યુ ન હતુ : છેલ્લા ૯ મહીનાથી કામગીરીમાં સતત અવરોધ : હવે સે-૭માં કામ પુર્ણ થશે

શહેરમાં ગત માર્ચ મહીનાથી માર્ગ સુધારણાની કામગીરી ખોરવાયેલી છે. જયારે લોકડાઉન અને કોરોનાના કહેર વચ્ચે ચોમાસુ શરૂ થતા માર્ગોના કામો વધુ ખોરંભે ચઢયા હતા. નવા સેકટરોમાં પણ બાકી કામ વર્ષના અંતે પુર્ણ થયુ નથી. જયારે થોડા દિવસો અગાઉ કમોસમી વરસાદના લીધે બંધ રહેલી માર્ગ સુધારણાની કામગીરી પુન : શરૂ કરી દેવામાં આવી છે. ટુંકમાં આ કામ પુર્ણ થયા બાદ અન્ય બાકી રહેતા સેકટરોમાં પણ કામ હાથ ધરવામાં આવશે.

શહેરમાં દિવાળી બાદ માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નગરના ઉભા અને આડા માર્ગોની સરફેસનુ કામ પણ શરૂ કરાયુ છે. જયારે માર્ગોની સુધારણા સાથે વાઈડનીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં કોરોના કાળમાં લોકડાઉન જાહેર કરાયા બાદ માર્ગ સુધારણાનુ કામ પણ અટવાયુ હતુ જયારે અટવાયેલા કામો પુરા કરવા વરસાદી દિવસોના અંતે દિવાળી બાદ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી પરંતુ આ દરમિયાન વરસાદી વાદળો ગોરંભાતા શહેરના આંતરિક વિસ્તારમાં હાથ ધરાયેલી માર્ગ સુધારણાની કામગીરી ખોરંભે પડી હતી. સે-૬ થી ૮ ના આંતરિક માર્ગોનુ કામ એક વર્ષના અંતે પણ પુર્ણ થઈ શક્યુ નથી કોરોનાની સાથે વરસાદી મોસમમાં પણ માર્ગ સુધારણના તમામ કામો બંધ રહ્યા હતા જેથી સેકટરોમાં માર્ગ સુધારણાની કાર્યયોજના મંજુર થયા બાદ પણ લાંબા સમયના અંતે પુર્ણ થઈ નથી. સે- ૬ થી ૮માં આંતરિક માર્ગોની દશા અત્યંત ખરાબ થઈ ગઈ હતી જયારે અગાઉ કામ શરૂ કરવામાં આવ્યા બાદ સે-૬ અને સે-૮ માં કામ પુર્ણ થઈ ગયુ હતુ. જયારે સે-૭ માં સોસાયટીના આંતરિક માર્ગોની સરફેસનુ કામ શરૂ કરાયુ હતુ ત્યારે વરસાદ શરૂ થતા તંત્રએ કામ બંધ કરી દીધુ હતુ. જયારે કોરોના કાળા બાદ ચોમાસાના અંતે કમોસમી વરસાદના લીધે માર્ગ સુધારણાની કામગીરી ત્રીજીવાર ખોરવાઈ હતી. આખરે હાલ સેકટરોમાં માર્ગોની સરફેસ લીસી કરવા માટે તંત્રની ટીમ કામે લાગી છે. જુના સેકટરોમાં પણ હજુ કેટલાક સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી બાકી છે. ત્યારે નવા સેકટરોમાં હાલ કામ ચાલી રહ્યુ છે. ટુકમાં આ કામ પુર્ણ થયા બાદ નવા કામો પણ હાથ ધરવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- સચિવાલય ખાતે શરૂ કરાયેલ કોરોના ટેસ્ટીંગ સેન્ટરમાં આજ સુધીમાં ૩૩૦ ના ટેસ્ટ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર સંજય થોરાતનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- સચિવાલયમાં બજેટની તૈયારીના સંદર્ભે વિભાગોમાં બેઠકનો ધમધમાટ શરૂ થઈ જવા પામ્યો છે.
- તાલુકા પંચાયતોને તેમના આગામી વર્ષના અંદાજપત્રો જિલ્લાકક્ષાએ ૩૧મી ડિસે. સુધીમાં પૂર્વાવલોકન માટે મોકલી આપવા કહેવાયુ છે.
- દહેગામ તાલુકાના ૧૫ થી વધુ ગામોમાં આકારણીની કામગીરી સમયસર નહિ કરતા તલાટીઓને નોટીસ આપી ખુલાસા માંગવામાં આવ્યા છે.
- નલ સે જલ મિશન અંતર્ગત ભારત સરકારના અધિકારીઓની એક ટીમ આજે ગાંધીનગર જિલ્લાના પ્રવાસે હતી.
- ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૧૯ કેસ મળ્યા છે જેમાં ૧૦ મહિલા દર્દીઓ છે.

# પાટનગરમાં હિન્દી માધ્યમની સરકારી પ્રાથમિક શાળા બને તેવી પરપ્રાંતિય પરિવારોની લાગણી

**ધારાસભ્ય ડો. સી.જે. ચાવડાએ પણ શિક્ષણમંત્રી સમક્ષ ભલામણ કરી : શહેરમાં અંદાજે પાંચ હજારથી વધુ હિન્દી ભાષી પરિવારોનો વસવાટ : મોટાભાગના પરિવારો શ્રમજીવી : નવી શિક્ષણ નીતિમાં માતૃભાષા કે રાષ્ટ્રભાષામાં જ પ્રાથમિક શિક્ષણ માટે આગ્રહ કરાયો છે પરંતુ જેમની બંને ભાષા એક જ છે તેવા પરિવારોના બાળકો માટે રાજ્ય સરકારની એક પણ પ્રાથમિક શાળા નથી**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર ગુજરાત રાજયની રાજધાની હોવા સાથે રાજયના સૌથી ઝડપથી વિકસી રહેલા શહેરોમાં સ્થાન મેળવી ચુક્યુ છે અને આ શહેરનો વ્યાપ વધવાની સાથે અહીં ખૂબ મોટી સંખ્યામાં પરપ્રાંતિય પરિવારો પણ રોજી-રોટી રળવાના ઉદ્દેશ સાથે સ્થળાંતર કરીને વસવાટ કરવા આવીને વશ્યા છે. વળી, શહેર હવે શૈક્ષણિક હબ પણ બની ચુક્યું હોવાથી પણ આવા પરિવારોની સંખ્યા તો વધી જ છે પરંતુ આસપાસના વિસ્તારોમાંથી પણ પરપ્રાંતિય પરિવારના બાળકો શિક્ષણ માટે પાટનગર તરફ મીટ માંડી રહ્યાં છે. શહેરમાં વસતા પરપ્રાંતિય પરિવારોમાં મોટાભાગના હિન્દી ભાષી પરિવારો છે તેમજ આ પરિવારોમાં શ્રમિક પરિવારોની સંખ્યા ખૂબ મોટા પ્રમાણમાં છે પરંતુ પાટનગરમાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત એક પણ હિન્દી માધ્યમની પ્રાથમિક શાળા ના હોવાથી આ પરિવારોના બાળકોને પ્રાથમિક શિક્ષણ પોતાની માતૃભાષામાં મેળવવુ મુશ્કેલ બની રહ્યું છે. આ સંદર્ભે શહેરના પરપ્રાંતિય પરિવારોની લાગણીને સ્થાનિક ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા દ્વારા અનુમોદન આપીને શિક્ષણમંત્રી સમક્ષ હિન્દી માધ્યમની સરકારી પ્રાથમિક શાળા શરૂ કરવા ભલામણ કરવામાં આવી છે.

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશવ્યાપી નવી શિક્ષણનીતિની જાહેરાત કરવામાં આવી છે જેમાં બાળકોનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં અથવા રાષ્ટ્રભાષામાં આપવા પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે જેને મોટાભાગના શિક્ષણ વિદોએ આવકાર્યુ છે. જો કે આ નવી શિક્ષણનીતિ જેનુ સ્નપ્ર છે તેવાં વડાપ્રધાનના ગૃહ રાજ્ય ગુજરાતના પાટનગરમાં જ વસતાં અંદાજે ૫ હજાર જેટલા હિન્દી ભાષી પરિવારના બાળકોની માતૃભાષા અને રાષ્ટ્રભાષા બંને એક જ હોવા છતાં તેમનો પ્રાથમિક શિક્ષણ ના છુટકે ગુજરાતીમાં અથવા મોંઘી ફી ખર્ચીને હિન્દી કે અંગ્રેજી માધ્યમમાં લેવુ પડી રહ્યુ છે.

ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ત્રણેક વર્ષથી આ બાબતે વિવિધ કક્ષાએ રજુઆત કરવામાં આવી રહી છે અને શહેરના હિન્દી ભાષી પરિવારો માટે રાજય સરકારની સરકારી પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવે તો આ પરિવારના બાળકોને તેમની માતૃભાષામાં પાયાનું શિક્ષણ મળી શકે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

શહેરમાં રાજસ્થાન ઉપરાંત હિરાયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ જેવા હિન્દીભાષી રાજયોના અંદાજિત ૫ હજારથી વધુ પરિવારો વસવાટ કરી રહ્યાં છે અને આ પરિવારોમાં મોટા ભાગના પરિવાર બાંધકામ, ખાણીપીણી કે છુટક મજુરી ક્ષેત્રે આધારિત શ્રમજીવી પરિવારો છે. જેઓને ખાનગી શાળાઓની ફી બાળકોના શિક્ષણ માટે પોસાય તેવી નથી. શહેરમાં કેન્દ્ર સરકાર સંચાલિત કેન્દ્રિય વિદ્યાલય સહિત જુજ સંખ્યામાં ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ હિન્દી સ્કૂલ ઉપલબ્ધ છે તેમજ શહેર નજીક લેકાવાડા પાસે સીઆરપીએફ કેમ્પસમાં પણ હિન્દી સ્કૂલ છે પરંતુ આ શાળાઓ બાળકોની કુલ ક્ષમતા શહેરમાં વસતા હિન્દી ભાષી પરિવારના બાળકોની સંખ્યા સામે ખૂબ મર્યાદિત છે. જો રાજ્ય સરકાર દ્વારા હિન્દી માધ્યમની સરકારી પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવે તો શહેરમાં વસતા શ્રમજીવી હિન્દી ભાષી પરિવારો માટે તે આશિર્વાદરૂપ સાબિત થઈ શકે તેમ છે. આ બાબતે રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટની રજૂઆતને અનુમોદન આપતા ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ શિક્ષણમંત્રીને પત્ર લખીને પાટનગરમાં સરકારી હિન્દી પ્રાથમિક શાળા શરૂ કરવા રજૂઆત કરી છે.



ગાંધીનગર જિલ્લામાં નલ સે જલ અભિયાનની કામગીરીના અભ્યાસ માટે તેમજ હવે ભૂગર્ભ ગટર વ્યવસ્થાની કામગીરીના અભિયાનની તૈયારીઓના સંકેત આપવા ઉપરાંત વૉટર મીટર પ્રથાના અમલીકરણના અભ્યાસ માટે ભારત સરકારના અધિકારીઓની ટીમે આજે માણસા તાલુકાના મોતીપુરા-વેડા, અમરાપુર તેમજ લોદરા ગામોની મુલાકાત લીધી હતી તે પ્રસંગે લેવાયેલ તસ્વીરો. જિલ્લામાં પાણીની બચત માટે ખાસ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે શાળાના બાળકો કામગીરી કરી રહ્યાનું જાણી ટીમે ખુશી વ્યક્ત કરી હતી.

# સાફ નિયત અને સાચી નીતિને કારણે ભાજપાની સરકારમાં ખેડૂતોનો સાચો વિકાસ થઈ રહ્યો છે : પાટીલ

ગાંધીનગર, તા. ૧૭

આજરોજ કેન્દ્રીય કૃષિમંત્રી પરશોત્તમભાઈ રૂપાલાએ રાજકોટ જિલ્લાના પડધરી ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે પંચમહાલ જિલ્લાના મોરવા હડફ ખાતે તેમજ રાજ્ય સરકારના કૃષિમંત્રી આર.સી. ફળદુએ અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખાતે, પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ અને પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયાએ બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે ખેડૂત સંમેલનોને સંબોધિત કર્યા.

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અમલી બનાવાયેલા ખેડૂતહિતના કૃષિ સુધારાઓ અંગે ભાજપાના જનજાગરણ અભિયાન અંતર્ગત સુરત જિલ્લાના બારડોલી ખાતે સુરત, નર્મદા, ભરૂચ અને તાપી જિલ્લાના સંયુક્ત ખેડૂત સંમેલનને સંબોધન કર્યું હતું. આ સંમેલનમાં રાજ્ય સરકારના મંત્રીઓ ગણપતભાઈ વસાવા, ઈશ્વરભાઈ પરમાર, ઈશ્વરસિંહ પટેલ, પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમાર, સુરત, સાંસદો મનસુખભાઈ વસાવા, શ્રીમતી દર્શનાબેન જરદોશ અને ધારાસભ્યો, ખેડૂત અગ્રણીઓ, સ્થાનિક ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે સંસદમાં થયેલી ચર્ચા, વિમર્શ બાદ બહુમતીથી દેશના કરોડો ખેડૂતોના હિતમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પસાર થયેલા ઐતિહાસિક કૃષિ સુધારાઓ અંગે ખેડૂતોને ભ્રમિત કરીને, દેશના શાંત વાતાવરણને અસ્થિર કરવાના બદઈરાદા સાથે રાજકીય રોટલા શેકવાનો પ્રયાસ કોંગ્રેસ સહિતના વિપક્ષો કરી રહ્યા છે, તે ખૂબ દુ:ખદ બાબત છે. સત્તા વગર અધમુઈ બનેલી કોંગ્રેસ અને અન્ય વિપક્ષો અંગત સ્વાર્થ માટે અન્નદાતા એવા ખેડૂતોને પણ નથી બક્ષી રહ્યા તે શરમજનક છે.

પાટીલે જણાવ્યું હતું કે કોંગ્રેસ એવા વહેમમાં છે કે દેશનો ખેડૂત ઓછી બુદ્ધિક્ષમતાવાળો છે, માટે અમે કહીશું તેમ માની જશે, પરંતુ આજે દેશનો ખેડૂત પોતાના હિત-અહિત માટે જાગૃત બન્યો છે, તે કોંગ્રેસના ચંગુલ માં આવવાનો નથી. હવે દેશના ખેડૂતો અદ્યતન પદ્ધતિથી ખેતી કરવામાં અગ્રેસર બની રહ્યા છે, ખેડૂતો સમજુ બન્યા છે ત્યારે ખેડૂતવિરોધી તત્વો તેમના ખેડૂતોને ભ્રમિત કરવાના પ્રયાસમાં ક્યારેય સફળ થવાના નથી. હું ગુજરાતના ખેડૂતોને નવા કૃષિ સુધારાઓને સમજી સહર્ષ આવકારવા બદલ અને ખેડૂતવિરોધી તત્વોની વાતોમાં ના આવવા બદલ અભિનંદન પાઠવું છું.

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
**વર્ષ-૨૦૨૦-૨૧**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**રી-ટેન્ડર (બીજો પ્રયત્ન)**
**બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથીઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
| --- | --- | --- | --- |
| ૨૫/૨૦૨૦-૨૧ | ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ગટર લાઈનના કોમ્પ્રેહેન્સીવ ઓપરેશન અને મેન્ટેનન્સનું કામ | રૂ. ૨૪૦૦/- | રૂ. ૫૯,૪૨૪/- |

ટેન્ડર ફોર્મ તા. ૧૮/૧૨/૨૦૨૦ થી તા. ૨૪/૧૨/૨૦૨૦ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ wwww.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૨૫/૧૨/૨૦૨૦ થી ૧/૧/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૪/૧/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૫૧૬/૨૦-૨૧

**ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**
**બ્લોક નં. ૮/૨, નવા સચિવાલય, ગાંધીનગર**
**નિવિદા/ભાવો મંગાવવા બાબત**

ડી-સેગ ખાતે ચાલતી કામગીરી માટે ઝેરોક્ષ, સ્પાઈરલ તથા અન્ય કામગીરી માટે તેમજ કોમ્પ્યુટર પ્રિન્ટરની કાર્ટીઝ રીફીલીંગ તથા તેને આનુષાંગિક પાર્ટ નાખવા અંગેની કામગીરી માટે બંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. આ કામના વિગતવાર ડોક્યુમેન્ટ ડી-સેગની વેબસાઈટ www.dsag.gujarat.gov.in ઉપર તા. ૧૮/૧૨/૨૦૨૦થી મેળવી શકાશે તથા તા. ૨૪/૧૨/૨૦૨૦ના રોજ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં ભાવો અત્રેની કચેરી ખાતે RPAD / સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે.

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
ડી-સેગ, ગાંધીનગર

માહિતી/૧૫૧૮/૨૦-૨૧




**ગ્રામ્ય વિકાસની વાત, મુખ્યમંત્રીને સાથ**

**E-સંવાદના મુખ્ય મુદ્દા**

- **કોવિડ વેક્સિનની વિતરણની વ્યવસ્થાઓના સંદર્ભમાં** મુખ્યમંત્રીશ્રી તમામ સરપંચો સાથે ચર્ચા કરશે
- છેવાડાના માનવી સુધી વિકાસલક્ષી **યોજનાઓ પહોંચાડવામાં સરપંચોના મહત્વપૂર્ણ યોગદાનને મુખ્યમંત્રીશ્રી બિરદાવશે**
- ગુજરાતના ગ્રામીણ વિસ્તારોએ **કોરોના મહામારી સામેની લડાઈમાં જે શિસ્ત દાખવી છે અને સંક્રમણને અંકુશમાં રાખ્યું છે** તે માટે મુખ્યમંત્રીશ્રી સરપંચોનો આભાર વ્યક્ત કરશે
- ગુજરાત સરકાર દ્વારા ગ્રામીણ સ્તરે કરવામાં આવેલા **વિકાસ કાર્યો અંગે સરપંચો સાથે દ્વીપક્ષીય સંવાદ અને ત્યારબાદ સંબોધન કરશે**

**તારીખ–** ૧૮ ડિસેમ્બર | **સમય–** સાંજે ૪ કલાકે

કોરોના સામેની લડાઈમાં ગ્રામીણ સ્તરે સરપંચો દ્વારા કરવામાં આવેલી કામગીરી અને તેમનું યોગદાન સરાહનીય છે

**– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.**